# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/423 Dt. 29/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત 'ડિસીઝ ફ્રી લાઇફ એન્ડ રિસેટ યોર હોર્મોન્સ ફોર એનર્જી એન્ડ યુથ' વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્વસ્થ અને રોગમુક્ત જીવન માટે જનજાગૃતિ લાવવા તેમજ આધુનિક જીવનશૈલીમાં હોર્મોનલ સંતુલન જાળવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવાના હેતુથી રવિવાર, તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિસીઝ ફ્રી લાઇફ એન્ડ રિસેટ યોર હોર્મોન્સ ફોર એનર્જી એન્ડ યુથ' વિષે સેશન યોજાયું હતું.

આ સેશનમાં મુખ્ય વકતા તરીકે ડિસીઝ રિવર્સલ નિષ્ણાંત ડો. ઇશ્વરે રોગમુક્ત જીવન અને હોર્મોન રીસેટ વિષે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માનવ શરીર સ્વાભાવિક રીતે સ્વસ્થ રહેવા માટે રચાયેલું છે, પરંતુ જીવનશૈલીના અસંતુલનને કારણે હોર્મોન્સમાં ફેરફાર થાય છે, જેના કારણે વિવિધ રોગો ઊભા થાય છે. યોગ્ય આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને માનસિક શાંતિ દ્વારા શરીરના હોર્મોન્સને સંતુલિત કરી શકાય છે અને ઊર્જાસભર તથા યુવાન જીવન જીવવું શકય બને છે.

તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં અનિયમિત જીવનશૈલી, સ્ટ્રેસ અને ખોરાકની ખોટી આદતોને કારણે લોકોમાં અનેક પ્રકારની બીમારીઓ વધી રહી છે. સ્વસ્થ જીવન માટે જાગૃતિ અને યોગ્ય માર્ગદર્શન અત્યંત આવશ્યક છે. વધુમાં, તેમણે ભાગ લેનારાઓને પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિઓ, ડિટોક્સ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને આરોગ્યપ્રદ આદતો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માનતા જણાવ્યું હતું કે, સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટે ચેમ્બર દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી પ્રેમકુમાર શારદાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ સેશનમાં સર્વેને આવકારી સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુકલએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.